BUSINESS मित्र Plus

ફેડનો હાઉં, વૈશ્વિક બજારોમાં આફત સર્જાશે

યુએસ ફેડરલ રિઝર્વ કેવિન વોર્શના ભાષણ બાદ વૈશ્વિક બજારોમાં ભારે હલચલ મચી જવા પામી છે. સોનાની કિંમતોમાં ઘટાડો જોવાયો છે, અમેરિકી શેરબજારમાં પણ અરાજકતા મચી ગઇ છે. ફુગાવો નિયંત્રણમાં આવી રહ્યો નહોવાથી ફેડ રેટમાં વધારો કરવાની ફરજ પડશે, તેવી દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે. જેના લીધે ક્રિપ્ટો કરન્સી, સોના-ચાંદીમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. કેવિન વોર્શના ભાષણને કારણે અમેરિકાના

ક્રિપ્ટો કરન્સી, સોના-ચાંદી અને શેરબજારમાં તોફાની વધઘટ આવી શકેઃ ફેડ રેટમાં વધારાનો ભય

મહત્વના સુચકાંકોમાં નફા અને ઘટાડા વચ્ચે ઝૂલતા જોવા રહ્યા હતા. જોકે, શેરબજારોમાં થોડીક સ્થિરતા રહી હતી.

છેલ્લા કેટલાક વર્ષોમાં એવું જોવા મળ્યું છે કે, ફેડ ચેરમેનના ભાષણ પહેલા નીતિમાં ફેરફાર આવે તો તેની અસર વધુ નોંધપાત્ર રહી છે, જેકશન હોલમાં ફેડ ચેરમેનના ભાષણ બાદ એસ એન્ડ પી 500 ઇન્ડેક્સમાં ઘટાડો જોવાયો હતો, જેમાં ઔદ્યોગિક અ આઇટી શેરોમાં વધુ દબાણ રહ્યું હતું. સેમિકન્ડકટરની તમામ કંપનીઓના શેરો ઘટ્યા હતા. એનવીડિયા સૌથી વધુ ઘટયો હતો. નાસ્ડેકમાં પણ નરમાઇ જોવા મળી હતી.

જેકશન હોલ ખાતે યુએસ ફેડરલ રિઝર્વના ચેરમેન કેવિન વોર્શના ભાષણમાં મહત્વનો મુદ્દો મોંઘવારીનો હતો. તેમણે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, ફુગાવો હજુય સુધઈ એટલો ઓછો થયો નથી કે ફેડને રાહત મળી શકે. જ્યાં સુધી ફુગાવાને 2 ટકાના લક્ષ્ય તરફ નહીં પહોંચે તો ફેડ એ કાર્યવાહી કરવી પડશે.

મે મહિનામાં ફેડના અધ્યક્ષ બન્યા પછી વોર્શનું આ પ્રથમ મોટું ભાષણ હતું. તેમણે કહ્યું કે, ફુગાવાનો લક્ષ્યાંક 2 ટકા નક્કી કરવામાં આવ્યો છે. ફેડ આ લક્ષ્યને પ્રાપ્ત કરવા તમામ પ્રયાસો કરશે અને ભાવોને સ્થિર કરવાની જવાબદારી ફેડની છે, ત્યારે તે કડક પગલાં ભરીને પણ મોંઘવારીને લક્ષ્યાંક પર પહોંચાડવાનો પ્રયાસ કરશે.

વોર્શે કહ્યું કે, પીસીઆઇ અને

સીપીઆઇના આંકડા ઉનાળામાં અપેક્ષા કરતા વધુ સારા રહ્યા છે, પણ તેનાથી ફુગાવામાં સુધારો થયો છે, પણ હજુય 2 ટકાની ઉપર છે. વોર્શે કહ્યું કે, હાલની નાણાકીય સ્થિતિ હજુય ખૂબ કડક નથી, આવી સ્થિતિમાં વ્યાજદર ફેડનું સૌથી મહત્વપુર્ણ હથિયાર છે. તેમણે કહ્યું કે, મોંઘવારી એની મેળે 2 ટકા સુધી નહીં આવે, તેને સ્થિર કરવાની જવાબદારી ફેડની છે.

કેટલાક નિષ્ણાતો માને છે કે, ફુગાવાને નિયંત્રિત કરવા માટે વ્યાજદરમાં વધારો કરવો પડી શકે છે. જુલાઇની બેઠકમાં વ્યાજદર સ્થિર રાખ્યા હતા, જેમાં કેટલાક અધિકારીઓએ વ્યાજદર વધારવાના સમર્થનમાં હતા. પણ આગામી બેઠકમાં જો મોંઘવારી ઓછી નહીં થાય તો ફેડ નીતિને વધુ કડક બનાવશે.

બીજી તરફ, જુલાઇની બેઠક બાદ કેટલાક ડેટાએ અર્થતંત્રમાં નબળાઇ દર્શાવી છે. જુલાઇમાં છૂટક વેચાણ એક વર્ષથી વધુ ઘટ્યું હતું. કોર ફુગાવો પણ મર્યાદિત હતો. કંપનીઓએ જુલાઇમાં નોકરીઓમાં કાપ મુક્યો હતો, જે અપેક્ષાઓથી વિપરીત હતો. પાછલા બે મહિનામાં

માર્કેટ વોચ

રોજગાર ડેટામાં પણ કાપ મુકવામાં આવ્યો હતો. આ આંકડા બાદ સપ્ટેમ્બરમાં વ્યાજદર વધારવાની આશા ઓછી થઇ ગઇ છે. ફેડરલ ફંડસ ફ્યુચર્સના જણાવ્યા અનુસાર સપ્ટેમ્બરમાં દર વધારાની સંભાવના લગભગ 36 ટકા હતી. જે જુલાઇના અંતમાં વધીને 70 ટકા થઇ ગઇ છે.

ગત ફેબ્રુઆરીથી ઇરાન-અમેરિકા-ઇઝરાયેલ વચ્ચેના તણાવના પગલે સોના-ચાંદી તથા ક્રિપ્ટો કરન્સીના ભાવોમાં વધઘટ જોવા મળી હતી, જે વધઘટે વધ્યા હતા. જેમાં ટુંકાગાળા માટે જોઇએ તો બિટકોઇનમાં સૌથી વધુ વળતર મળ્યું છે. જ્યારે ચાંદીમાં ત્રણ વર્ષના સમયગાળામાં સુંદર વળતર મળ્યું છે. બિટકોઇનમાં પણ લાંબા ગાળામાં સારૂં વળતર મળ્યું છે. જ્યારે સોનાની વાત કરીએ તો ઉપરથી નીચે આવ્યું છે. જાન્યુઆરી 2026માં સોનુ 5500 ડોલર હતું, તે જુલાઇમાં તૂટીને 4000 ડોલર આવ્યું હતું, જ્યાંથી ફરીથી સુધરીને 4600 ડોલરની આસપાસ રહ્યું હતું. જોકે, વૈશ્વિક અનિશ્ચિતતા અને આર્થિક મંદીના ગાળામાં સોના-ચાંદીમાં માગ રહેશે. પરંતુ ફેડરલ રિઝર્વ વ્યાજદર વધારશે તો સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આવી શકે છે. જેકશન હોલની સ્પીચ બાદ સોનામાં પ્રત્યાઘાત આવવાના શરૂ પણ થઇ ગયા છે. જોકે, આર્થિક ડેટા જોતાં આ ઘટાડો લાંબો સમય રહેશે તેવું લાગતું નથી, નિષ્ણાતોના મતે સોના-ચાંદીની માગ ચાલુ રહેશે, એક કરેકશન બાદ રીકવર થઇ જશે.

છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં સૌથી સારૂં વળતર ચાંદીએ આપ્યું છે, બિટકોઇને પણ સારૂં વળતર આપ્યું છે. પણ હવે ફેડરલ રિઝર્વની આગામી બેઠક પર નજર રહેશે અને ત્યારબાદ નવેસરથી રોકાણ અંગેનો નિર્ણય લેવાનો રહેશે.

નિવૃત્તિ ભંડોળ : શું તમામ પૈસા માત્ર ડેટ રોકાણમાં જ રાખવા જોઈએ?

નિવૃત્તિ પછી જોખમ પ્રત્યે તમારો દ્રષ્ટિકોણ બદલાઈ જાય છે. વર્ષો સુધી કમાણી અને રોકાણ કર્યા પછી, ઉંચુ વળતર મેળવવા કરતાં તમારી બચતને સુરક્ષિત રાખવી વધુ મહત્વપૂર્ણ લાગે છે. આ જ કારણ છે કે ઘણા નિવૃત્ત લોકો પોતાના મોટાભાગના નાણાં ફિક્સ્ડ ડિપોઝિટ, બોન્ડ્સ અને અન્ય ડેટ રોકાણોમાં ટ્રાન્સફર કરી દે છે. આ અભિગમ યોગ્ય છે, પરંતુ માત્ર વર્તમાન સુરક્ષા એ લાંબા ગાળાની આર્થિક સલામતી નથી. સેબી જણાવે છે કે જે નિવૃત્ત લોકોનું રોકાણ મોટે ભાગે ફિક્સ્ડ-ઈન્કમ (સ્થિર આવક) સાધનોમાં હોય છે, તેઓ મોંઘવારીના જોખમનો સામનો કરી શકે છે, કારણ કે વધતી કિંમતો તેમની બચતની ખરીદશક્તિ ઘટાડી દે છે.

ડેટ રોકાણની મહત્વની ભૂમિકા છે

નિવૃત્ત લોકો ડેટ રોકાણને વધુ

વેલ્થ ક્રિએશન

પસંદ કરે છે તેની પાછળ એક વાજબી કારણ છે. રોજિંદા અને નિયમિત ખર્ચ માટે જરૂરી નાણાં સંપૂર્ણપણે બજારના ઉતાર-ચઢાવ પર છોડી શકાય નહીં. બેંક FD, સરકારી બચત યોજનાઓ અને અન્ય યોગ્ય ફિક્સ્ડ-ઈન્કમ પ્રોડક્ટ્સ વધુ અનુમાનિત વળતર આપી શકે છે અને એક સરખી આવક ઊભી કરવામાં મદદ કરે છે. આ ખાસ કરીને એવા વ્યક્તિ માટે ખૂબ ઉપયોગી છે જેઓ પોતાના માસિક ખર્ચ માટે સંપૂર્ણપણે રોકાણ પર નિર્ભર છે.

મોંઘવારી નિવૃત્તિ પછી અટકતી નથી

નિવૃત્તિ ભંડોળ કદાચ 20 થી 30 વર્ષ સુધી ચલાવવાની જરૂર પડી શકે છે. આજે જે વળતર પર્યાપ્ત લાગે છે, તે સમય જતાં તબીબી ખર્ચ, ઘરગથ્થુ બિલ અને અન્ય ખર્ચાઓ વધવાની સાથે ઓછું પડી શકે છે. SEBI ચેતવણી આપે છે કે મોંઘવારી સમય જતાં ખરીદશક્તિને ઘટાડી શકે છે, જેના કારણે માત્ર ફિક્સ્ડ-ઈન્કમ ધરાવતું પોર્ટફોલિયો લાંબા નિવૃત્તિ કાળ દરમિયાન જોખમી સાબિત થઈ શકે છે. આ જ કારણ છે કે ગ્રોથ એસેટ્સ (જેમ કે ઈક્વિટી) માં પણ થોડું રોકાણ રહેવું જરૂરી છે.

ઈક્વિટી એટલે અતિશય જોખમ લેવું એવું નથી

તમારા નિવૃત્તિ ભંડોળનો એક ભાગ ગ્રોથ માટે રોકાયેલો રાખવાનો અર્થ એ નથી કે બધું જ શેરબજારમાં મૂકી દેવું. વિચાર માત્ર એટલો જ છે કે જે નાણાંની તાત્કાલિક જરૂર નથી, તેને એવા સાધનોમાં રાખવા જે લાંબા ગાળે વધવાની ક્ષમતા ધરાવે છે. જે વ્યક્તિને મોટાભાગના જરૂરી ખર્ચાઓ પેન્શનમાંથી નીકળી જતા હોય, તે વ્યક્તિ સંપૂર્ણપણે રોકાણ પર નિર્ભર નિવૃત્ત વ્યક્તિ કરતાં બજારની અસ્થિરતા વધુ સહન કરી શકે છે. તમે કેટલું જોખમ લઈ શકો છો તેનો

ડેટ અર્થાત સ્થિર રોકાણ તમને સુરક્ષા આપે છે, પરંતુ મોંઘવારી સમય સાથે ધીમે-ધીમે તમારા બચત ભંડોળને નબળું પાડી શકે છે. તમારું સમગ્ર નિવૃત્તિ ભંડોળ માત્ર ડેટ રોકાણમાં રાખવાથી બજારનું જોખમ ઘટી શકે છે, પરંતુ મોંઘવારી અને લાંબા નિવૃત્તિ જીવનને ધ્યાનમાં લેતાં ગ્રોથ એસેટ્સમાં પણ થોડું રોકાણ હોવું મહત્વપૂર્ણ બની જાય છે

આધાર તમારી રોકડ જરૂરિયાત પર હોવો જોઈએ.

NPS વિવિધ એસેટ મિક્સના વિકલ્પો આપે છે

નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) સબ્સ્ક્રાઇબર્સને વિવિધ એસેટ એલોકેશન પસંદ કરવાની છૂટ આપે છે. 'એક્ટિવ ચોઈસ' હેઠળ, ઈક્વિટીમાં રોકાણ 75% સુધી જઈ શકે છે, જ્યારે કોર્પોરેટ ડેટ અને ગવર્નમેન્ટ સિક્યોરિટીઝમાં લાગુ નિયમો મુજબ 100% સુધી રોકાણ થઈ શકે છે. 'ઓટો ચોઈસ' વિકલ્પ સબ્સ્ક્રાઈબરની ઉંમર વધવાની સાથે ધીમે-ધીમે ઈક્વિટી એક્સપોઝર ઘટાડે છે. આનો મુખ્ય હેતુ નિવૃત્તિ નજીક આવતા જોખમ ઘટાડીને વૃદ્ધિ અને સુરક્ષા વચ્ચે સંતુલન જાળવવાનો છે.

ઈમરજન્સી ફંડ અલગ રાખો

ડેટ કે ગ્રોથ એસેટ્સમાં કેટલું રોકાણ કરવું તે નક્કી કરતા પહેલા, એક ઈમરજન્સી રિઝર્વ (આકસ્મિક ભંડોળ) અલગ રાખો. તબીબી સારવાર, ઘરનું સમારકામ કે પારિવારિક મદદ માટે અચાનક રોકડની જરૂર પડી શકે છે. હાથવગા નાણાં ઉપલબ્ધ હોવાનો અર્થ એ છે કે તમારે બજારના પ્રતિકૂળ તબક્કા દરમિયાન તમારા લાંબા ગાળાના રોકાણો વેચવાની જરૂર પડશે નહીં. તમારું ઈમરજન્સી ફંડ તમારા ઘરના ખર્ચ અને જવાબદારીઓને અનુરૂપ હોવું જોઈએ.

અન્ય આવક ગણતરી બદલી નાખે છે

પેન્શન અથવા ભાડાની આવક મેળવતા નિવૃત્ત વ્યક્તિ પાસે માત્ર નિવૃત્તિ ભંડોળ પર નિર્ભર વ્યક્તિ કરતાં વધુ લવચીકતા હોય છે. જો પ્રાથમિક ખર્ચાઓ પહેલેથી જ કવર થઈ જતા હોય, તો ભંડોળનો એક ભાગ લાંબા ગાળાની વૃદ્ધિ માટે રોકાયેલો રાખી શકાય છે. પરંતુ જો રોકાણ જ આવકનો એકમાત્ર સ્ત્રોત હોય, તો પ્રવાહીતા અને સ્થિરતા વધુ મહત્વપૂર્ણ બની જાય છે. દરેક નિવૃત્ત વ્યક્તિ માટે કામ કરે તેવો કોઈ એક જ ડેટ-ઈક્વિટી રેશિયો નથી હોતો.

પૈસાની જરૂર ક્યારે છે તે મુજબ વિચારો

અંતિમ વાત : એક વ્યવહારુ અભિગમ એ છે કે નિવૃત્તિની બચતને સમયગાળા મુજબ વહેંચો. આગામી કેટલાક વર્ષોમાં જોઈતા નાણાં પ્રમાણમાં સ્થિર રોકાણોમાં રાખી શકાય છે. જે નાણાંને લાંબા સમય સુધી અડવાની જરૂર નથી, તેને તમારી જોખમ ક્ષમતા અનુસાર ગ્રોથ માટે રોકાયેલા રાખી શકાય છે. સેબી પણ તમામ રોકાણ કોઈ એક જ એસેટ ક્લાસમાં મૂકવાને બદલે વિવિધતા રાખવાની ભલામણ કરે છે. તમારું આખું નિવૃત્તિ ભંડોળ માત્ર ડેટમાં રાખવાથી સુરક્ષાની અનુભૂતિ થઈ શકે છે, પરંતુ તે એક નવું જોખમ ઊભું કરે છેઃ તમારું ભંડોળ મોંઘવારી દરને પહોંચી વળવા માટે પૂરતું વધી શકશે નહીં. હેતુ વળતરને મહત્તમ કરવાનો કે જોખમને સંપૂર્ણપણે દૂર કરવાનો નથી, પરંતુ તમારી બચત સમગ્ર નિવૃત્તિ કાળ દરમિયાન ટકી રહે તે સુનિશ્ચિત કરવાનો છે.

એઆઈ યુગનો પ્રારંભ, પણ વિશ્વ હજુય તૈયાર નથી

આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સ એક નવા યુગનો પ્રારંભ થઇ રહ્યો છે. 1950ના દાયકામાં એઆઈની શરૂઆત થઈ હતી, પણ તેને ઓળખ 1970ના દાયકામાં મળી. 1081માં જાપાનની પહેલ બાદ ફિફ્થ જનરેશન નામની યોજના શરૂ થઈ હતી. જેમાં સુપર કોમ્પ્યુટરના વિકાસ માટે 10 વર્ષની એક રૂપરેખા તૈયાર કરાઇ હતી. જેના પછી બ્રિટને જાપાનના પથ પર આગળ વધી એલવી નામનો પ્રોજેક્ટ તૈયાર કર્યો. પછી યુરોપિયન યુનિયન દ્વારા

ઓફ-બીટ

એસ્પ્રિટ પ્રોજેક્ટ શરૂ કરાયો. કેટલીક ખાનગી સંસ્થાઓએ મળીને 1983માં એક કન્સોર્ટિયમ માઇક્રો ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્પ્યુટર ટેકનોલોજીની સ્થાપના કરી. જે એઆઇ માટે લાગુ પડતી અદ્યતન ટેકનોલોજી જેવી કે વેરી લાર્જ સ્કેલ ઇન્ટિગ્રેટેડ સર્કિટ વિકસાવે છે. જોકે, વિશ્વભરમાં એઆઇનો હાઉ 2023માં જોવાયો હતો.

એઆઇ તમામ ક્ષેત્રમાં કાર્યશૈલીનું ચિત્ર બદલી નાંખશે. કોમ્પ્યુટર, રોબોટ અને હવે એઆઇનું આગમન થયું છે. જેમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં સૌથી વધુ ચીજો બદલાતી જોવામળી

રહી છે. અત્યાર સુધીમાં ટેકનોલોજી બદલાતી હતી, પણ એઆઇના કારણે તમામ બાબતોમાં ફેરફાર લાવી રહી છે. જે વ્યક્તિ કરતા વધુ ઝડપી કામ કરવાની ક્ષમતા, ભૂલ અને ખામીઓમાં ઘટાડો, સંસાધન અને સમયનો દુરઉપયોગ ઘટશે.

એઆઇ સંદર્ભમાં માઇક્રોસોફ્ટના કો ફાઉન્ડર બિલ ગેટસનું કહેવું છે કે, વિશ્વમાં એઆઇનો પ્રારંભ થઈ ચુક્યો છે, પણ હજુય વિશ્વ તૈયાર નથી. એઆઇ માત્ર નોકરીઓ જ નહીં, સાયબર સિક્યોરિટી, ગુનાખોરી અને માણસાઇના સંબંધો પર પણ અસર કરશે.

વિશ્વભરમાં એઆઇ માટે ગુગલ, માઇક્રોસોફ્ટ, ઓપન એઆઇ, મેટા અને બીજી મોટી કંપનીઓમાં ઝડપભેર નવા એઆઇ મોડલ લોન્ચ કરવાની રેસ લાગેલી છે. દરેક નવી ટેકનોલોજી અગાઉ કરતા ઝડપી અને શક્તિશાળી હોવાનો દાવો કરે છે. પરંતુ આ રેસ વચ્ચે બિલ ગેટસે ચેતવણી આપતા કહ્યું કે, સરકાર અને સમાજ આ પરિસ્થિતિને સંભાળવા તૈયાર નથી. એઆઇ માણસોના ઇતિહાસના ઉથલપાથલ યુગમાંથી એક બની શકે છે. સૌથી મોટી ચિંતા એ છે કે આ પરિવર્તનને સંભાળવા માટેની યોજના કોઇની પાસે નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ બિલ ગેટસ પણ એઆઇના લાભોની વાતો કરતા હતા, પરંતુ નવા લેખમાં તેમણે એઆઇ બાબતે એલર્ટ જોવા મળ્યા. અગાઉ મશીનોએ શારિરીક કામો અને ફેકટરીઓમાં પરિવર્તનનો પ્રારંભ કર્યો હતો. એઆઇ માણસોની વિચારવાની, સાંભળવાની, જોવાની, બોલવાની અને તાર્કિક ક્ષમતાઓ પર પણ અસર કરશે. તેની અસર સોફ્ટવેર, કસ્ટમર સર્વિસીસ, કાયદો-

એઆઈથી માણસોની વિચારવાની, સાંભળવાની, જોવાની, બોલવાની અને તાર્કિક ક્ષમતાઓ પર પણ અસર થશે, સોફ્ટવેર, કસ્ટમર સર્વિસીસ, કાયદો-હેલ્થકેર અને મેન્યુફેકચરીંગ સેકટરને સૌથી વધુ અસર થશે

હેલ્થકેર અને મેન્યુફેકચરીંગ જેવા સેકટર પર થશે. આ ઉપરાંત, રોબોટ સસ્તા અને સક્ષમ બની રહ્યા છે, જે વ્હાઇટ અને બ્લુ કલરની જોબ્સ પર સીધો પ્રહાર કરશે. જેથી આ જોબ્સ કરનારાઓ સામે જોખમ પેદા થશે.

આ સંદર્ભમાં બિલ ગેટસે એવું સુચન કર્યુ છે કે, માનવ અનામત નોકરીઓ રાખવી પડશે. અગાઉ ભારતમાં જાત આધારિત આરક્ષણ ચાલતું હતું, પણ હવે માનવ આરક્ષણની ચર્ચા શરૂ થઇ ગઇ છે. જેમાં અમુક જગ્યા પર એઆઇના બદલે ફરજિયાત માનવોને રાખવામાં આવે. ભલે એઆઇ અને રોબોટ સક્ષમ બને, પણ દરેક કાર્ય મશીનોને સોંપવું જોઇએ નહીં. તેઓ કાર્ય સસ્તુ થઇ શકે છે, માનવીની ભૂમિકા જાળવી રાખવી. ખાસ કરીને એવા કાર્યોમાં જેમાં માનવ જોડાણ, સહાનુભૂતિ અને સંભાળની જરૂર હોય, તે સમાજ માટે મહત્વપૂર્ણ બની શકે છે.

હવે, આવનારો સમય જ બતાવશે કે એઆઇ એક મદદરૂપ સાધન બનશે કે પછી ભાવિ પેઢી માટે સમસ્યા સર્જશે. ચિંતાનો વિષય એ છે કે એઆઇથી સમસ્યા ઉકેલવામાં આવે અને વિચારવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે તો એઆઇ માનવ સંબંધો અને સામાજિક જોડાણોને બદલી શકે છે.

ડેરી ક્ષેત્રનું આધુનિકીકરણ અને દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિનાં પ્રયાસો

ડેરી ક્ષેત્રને મજબૂત કરવા માટે, નેશનલ પ્રોગ્રામ ફોર ડેરી ડેવલપમેન્ટ (NPDD) એ જૂન 2026 સુધીમાં 36,611 નવી ડેરી સહકારી મંડળીઓના આયોજનમાં સુવિધા આપી છે અને ગ્રામીણ સ્તરની 34,557 ડેરી સહકારી મંડળીઓને મજબૂત કરી છે. પ્રતિ દિન આશરે 168 લાખ લીટર દૂધ ચિલિંગ ક્ષમતા ઊભી કરવામાં આવી છે, જ્યારે 76,748 દૂધ ગુણવત્તા ચકાસણી સાધનોનું વિતરણ કરવામાં આવ્યું છે.

મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહ ઉર્ફે લાલન સિંહે સંસદમાં માહિતી રજૂ કરતા જણાવ્યું હતું કે ભારત સરકારનો પશુપાલન અને ડેરી વિભાગ (DAHD) ડેરી ક્ષેત્રને મજબૂત બનાવવા, આધુનિક બનાવવા અને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારોના પ્રયાસોને પૂરક બનાવવા માટે વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મૂકી રહ્યો છે. આ પહેલનો ઉદ્દેશ્ય દૂધ ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા, ડેરી માળખાગત સુવિધાઓ અને મૂલ્ય-સાંકળ વિકાસમાં સુધારો કરવા, દૂધ પ્રક્રિયા અને માર્કેટિંગ સુવિધાઓને મજબૂત બનાવવા અને ડેરી ક્ષેત્રની એકંદર કાર્યક્ષમતા અને ટકાઉપણું સુધારવાનો છે.

રાષ્ટ્રીય ડેરી વિકાસ કાર્યક્રમ (NPDD) હેઠળ, દેશમાં સંગઠિત દૂધ ખરીદીનો હિસ્સો વધારવા માટે દૂધ ખરીદી, ઠંડક અને ગુણવત્તા ખાતરી માળખાને મજબૂત બનાવવા માટે 50% ગ્રાન્ટ સહાય પૂરી પાડવામાં આવે છે. વધુમાં, આધુનિક દૂધ

ખરીદી, ડેરી પ્રક્રિયા, મૂલ્યવર્ધન અને કોલ્ડ ચેઇન માળખાગત સુવિધા સ્થાપિત કરવા માટે 75% કેન્દ્રીય ગ્રાન્ટ સહાય પૂરી પાડવામાં આવે

NPDD દેશમાં સંગઠિત દૂધ ખરીદીનો હિસ્સો વધારવા માટે દૂધ ખરીદી, ઠંડક અને ગુણવત્તા ખાતરી માળખાને મજબૂત બનાવવા માટે 50% ગ્રાન્ટ સહાય આપશે

છે, અને માત્ર પર્વતીય વિસ્તારો અને ઉત્તર પૂર્વીય પ્રદેશ (NER) માં ગુણવત્તા ખાતરી માળખાગત સુવિધા સ્થાપિત કરવા માટે 70% કેન્દ્રીય ગ્રાન્ટ સહાય આપવામાં આવે છે.

પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (AHIDF): AHIDF હેઠળ સહકારી અને ખાનગી બંને ક્ષેત્રોમાં આધુનિક ડેરી પ્રોસેસિંગ, મૂલ્યવર્ધન અને કોલ્ડ ચેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ સ્થાપિત કરવા માટે પાત્ર લાભાર્થીઓને 3% વ્યાજ સબવેન્શન આપવામાં આવે છે.

જૂન 2026 સુધીમાં, રાષ્ટ્રીય ડેરી વિકાસ કાર્યક્રમ (NPDD) હેઠળ નાણાકીય સહાયથી ગ્રામ્ય સ્તરે 36,611 નવી ડેરી સહકારી મંડળીઓ (DCS) નું આયોજન કરવામાં આવ્યું

બિઝનેસ વ્યૂ

છે અને 34,557 DCS ને મજબૂત બનાવવામાં આવ્યા છે, વધુમાં, લગભગ 168 લાખ લિટર પ્રતિ દિવસ (LLPD) દૂધ ઠંડક ક્ષમતા બનાવવામાં આવી છે, અને 76,748 ગુણવત્તા પરીક્ષણ ઉપકરણોનું વિતરણ કરવામાં આવ્યું છે. પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (AHIDF) હેઠળ, સહકારી અને ખાનગી બંને ક્ષેત્રોમાં 418 LLPD ની કુલ દૂધ પ્રક્રિયા અને મૂલ્ય-વૃદ્ધિ ક્ષમતા ધરાવતા પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે.

ચાલુ યોજનાઓનો ઉદ્દેશ્ય ડેરી ક્ષેત્રમાં દૂધ સંગ્રહ, કોલ્ડ સ્ટોરેજ, પ્રોસેસિંગ અને મૂલ્યવર્ધન માટે માળખાગત સુવિધાઓને મજબૂત અને આધુનિક બનાવવાનો છે. આ પ્રયાસો દૂધ ઉત્પાદકો માટે એક સંગઠિત બજાર પૂરું પાડે છે અને તેમની આવક સુધારવામાં મદદ કરે છે.

દૂધ ઉત્પાદનમાં ઘટાડાની ચિંતા: ડેરી ઉત્પાદકતામાં સુધારો કરવો અને ઘાસચારાની સુરક્ષાને મજબૂત બનાવવાના પ્રયાસો

દેશમાં દૂધ ઉત્પાદનમાં ઘટાડાની ચિંતા વચ્ચે સરકાર સમગ્ર દેશમાં પશુધન વિકાસ, ડેરી ઉત્પાદકતા અને પશુ આરોગ્યને મજબૂત બનાવવા પ્રયાસ કરી રહી છે.

ડેરી ઉત્પાદકતામાં સુધારો કરવો અને ઘાસચારાની સુરક્ષાને મજબૂત બનાવવા કાર્યક્રમો ચાલી રહ્યાં છે.

પશુ રોગ નિયંત્રણ અને પશુચિકિત્સા માળખાને મજબૂત બનાવવું સહિતના કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહ ઉર્ફે લાલન સિંહે રાજ્યસભામાં માહિતી આપી હતી કે ભારત સરકાર દેશભરમાં પશુધન વિકાસને મજબૂત બનાવવા, ડેરી ઉત્પાદકતા સુધારવા, પશુ આરોગ્ય વધારવા અને ટકાઉ ગ્રામીણ આજીવિકાને પ્રોત્સાહન આપવા માટે શ્રેણીબદ્ધ કેન્દ્રિત પહેલો અમલમાં મૂકી રહી છે.

ડેરી ઉત્પાદકતામાં સુધારો અને ઘાસચારાની સુરક્ષાને મજબૂત બનાવવાની છે.ભારતની સરેરાશ ગાયની દૂધ ઉત્પાદકતા 2014-15માં પ્રતિ પશુ 1,648 કિલોથી વધીને 2024-25માં 2,251 કિલો થઈ છે, જ્યારે રાષ્ટ્રીય દૂધ ઉત્પાદન 70 ટકા વધીને 146 મિલિયન મેટ્રિક ટનથી 248 મિલિયન મેટ્રિક ટન થયું છે.

ઘાસચારાની અછતને પહોંચી વળવા માટે, સરકાર રાષ્ટ્રીય પશુધન મિશન હેઠળ અનેક હસ્તક્ષેપો અમલમાં મૂકી રહી છે, જેમાં ગુણવત્તાયુક્ત ઘાસચારાના બીજ ઉત્પાદન અને ઘાસ, સાઇલેજ અને કુલ મિશ્ર રાશન (TMR) માળખાગત સુવિધાઓનો સમાવેશ થાય છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન, રૂ.1,152.40 કરોડ જારી કરવામાં આવ્યા છે, જેના પરિણામે 1.6 લાખ ટન ગુણવત્તાયુક્ત ઘાસચારાના બીજનું ઉત્પાદન થયું છે. NLM-EDP હેઠળ, 204 ઘાસચારાને લગતા પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે, જ્યારે AHIDF એ રૂ.3,602.47 કરોડના રોકાણ સાથે 174 પશુ આહાર પ્લાન્ટને ટેકો આપ્યો છે.

રાષ્ટ્રીય પશુધન મિશન (NLM), પશુપાલન માળખાગત વિકાસ ભંડોળ (AHIDF), રાષ્ટ્રીય ગોકુલ મિશન (RGM) અને પશુધન આરોગ્ય અને રોગ નિયંત્રણ કાર્યક્રમ (LHDCP) જેવી મુખ્ય યોજનાઓ દ્વારા, સરકાર પશુધન ક્ષેત્રમાં માળખાગત નિર્માણ, વૈજ્ઞાનિક સંવર્ધન, રોગ નિયંત્રણ, ઘાસચારો વિકાસ અને ઉદ્યોગસાહસિકતાને સમર્થન આપી રહી છે.

વર્ષ 2024-25 અને 2025-26 દરમિયાન વિવિધ પશુધન વિકાસ પ્રવૃત્તિઓ માટે રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ ગાયના આનુવંશિક સુધારણા માટે રૂ.41.67 કરોડ, પશુધન આરોગ્ય અને રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ રૂ.124.29 કરોડ અને રાષ્ટ્રીય પશુધન મિશન હેઠળ રૂ.7.74 કરોડ ફાળવવામાં આવ્યા છે.

રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ દ્વારા 100 સમર્પિત ચારા-પ્લસ ખેડૂત ઉત્પાદક સંગઠનોની સ્થાપના કરવામાં આવી છે, જ્યારે ICAR-ભારતીય ઘાસચારો અને ચારા સંશોધન સંસ્થાએ ઉચ્ચ ઉપજ આપતી ઘાસચારાની જાતો, રાજ્ય-વિશિષ્ટ ઘાસચારો વિકાસ યોજનાઓ વિકસાવી છે અને 10 લાખથી વધુ ખેડૂતોને તાલીમ આપી છે. સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ગરમીના મોજા વ્યવસ્થાપન માર્ગદર્શિકા પણ જારી કરી છે અને ઉચ્ચ તાપમાનમાં સ્થિતિસ્થાપકતા માટે જાણીતી સ્વદેશી પશુ જાતિઓને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખ્યું છે. ભારત પશુધન હેઠળ 1962 ખેડૂત એપ્લિકેશન દ્વારા ડિજિટલ સલાહકાર સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે, જે ખેડૂતોને વૈજ્ઞાનિક રાશન સંતુલન પદ્ધતિઓ અપનાવવા સક્ષમ બનાવે છે.

2010/21 થી 2024/25 સુધી દેશમાં દૂધ ઉત્પાદન અને માથાદીઠ દૂધની ઉપલબ્ધતાના આંકડાઓ

વર્ષ	દૂધ ઉત્પાદન માથાદીઠ (મિલિયન MT)	ઉપલબ્ધતા (ગ્રામ/દિવસ)
૨૦૨૦-૨૧	૨૦૯.૯૬	૪૨૭.૦૦
૨૦૨૧-૨૨	૨૨૨.૦૭	૪૪૬.૦૦
૨૦૨૨-૨૩	૨૩૦.૫૮	૪૫૯.૦૦
૨૦૨૩-૨૪	૨૩૯.૩૦	૪૭૧.૦૦
૨૦૨૪-૨૫	૨૪૭.૮૭	૪૮૫.૦૦